**આંક–૯ ની અરજી લગત હુકમ**

(૧) આ અરજી મુળ ફરીયાદી તરફે અરજી માં જણાવ્યા મુજબ ની વિગતે કૃષ્ણનગર પોલીસ સ્ટેશન ના સી.સી.ટી.વી. કેમેરા ના તા.૦૧/૦૬/૨૦૨૫ થી તારીખ ૩૦/૦૭/૨૦૨૫ સુધી ના રેકોર્ડીંગ સીલબંધ કવર માં નામદાર કોર્ટ સમક્ષ રજુ કરવા ની અરજ સાથે આપેલ છે. અરજી અન્વયે ફરીયાદપક્ષ તેમજ આરોપીઓ તરફે ની દલીલો સાંભળી. આ હુકમ અરજી લગત કરવામાં આવતો હોવા થી અરજી ની હકીકતો નું પુનરાવર્તન કરેલ નથી.

(૨) આ કેસ માં આરોપીઓ વિરૂદઘ બી.એન.એસ.ની ૮૫,૨૯૬,૧૧૫(૨),૫૪ અને દહેજ પ્રતિબંધક અઘીનીયમ ની કલમ.૩ અને ૭ મુજબ ચાર્જશીટ કરવા માં આવેલ છે. સદરહુ કેસ ચાર્જ ફ્રેમ રાખેલ અને દરમ્યાન હાલ ની અરજી તેમજ અન્ય અરજીઓ રજુ થયેલ છે. આ કેસ માં એ નોંઘવુ જરૂરી છે કે,મુળ ફરીયાદી દ્વારા આ ગુના ની ફરીયાદ તારીખ ૨૪/૦૬/૨૦૨૫ ના રોજ દાખલ કરવા માં આવેલ હતી. હાલ ના કેસ માં ફરીયાદી દ્વારા હાલ ની અરજી આપવા માં આવી તે પહેલા કોઇ દીવસ સબંઘીત પોલીસ સ્ટેશન ના ઉપરી અઘીકારીશ્રી ને તેઓ ની ફરીયાદ તેમના લખાવ્યા મુજબ નોંઘવા માં આવેલ નથી કે યોગ્ય તપાસ થયેલ નથી કે તેઓ ને પોલીસ સ્ટેશન માં હેરાન કરવા માં આવેલ છે તેવી કોઇ અરજી આપેલ નથી. હાલ ના કેસ માં પણ ફરીયાદી તરફે આપેલ અરજી માં તેઓ આ સી.સી.ટી.વી. હાલ ની ફરીયાદ હકીકત સાથે કઇ રીતે સંકળાયેલા છે અને તપાસ બાબતે કોઇ ખામી હોય તો શું ખામી છે ? તે અંગે પણ કોઇ હકીકત જણાવેલ નથી. આ ઉપરાંત ઉપરોકત ચર્ચા કર્યા મુજબ અગાઉ પોલીસ માં આપેલ ફરીયાદ બાબતે પોલીસે કરેલ તપાસ અંગે અગાઉ કોઇ તકરાર ઉપસ્થીત કરેલ નથી. આ સંજોગો માં આ અરજી ટકવાપાત્ર રહેતી નથી તેવુ આ કોર્ટ નુ નમ્રપણે માનવુ છે.આથી,આ અરજી અન્વયે નીચે મુજબ નો આખરી હુકમ કરવા માં આવે છે.

// આખરી હુકમ //

આથી,આ અરજી નામંજુર કરવામાં આવે છે.

હુકમ આજ તારીખ.૧૨,માહે.જુન,સને.૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલત માં વાંચી સંભળાવી જાહેર કર્યો.

[દર્શકકુમાર દિનેશંચદ્ર શાહ]
૫ માં એડી.ચીફ જયુડી.મેજીસ્ટ્રેટ (કોર્ટ નં.૧), અમદાવાદ સીટી
Code : GJ00956

અમદાવાદ